ક્રમાંક–૧૯

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૨૦મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૮ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૬થી ૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે નિયમ–૪૪ હેઠળનું રાજ્ય સરકારના લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ અન્વયે ૪૬ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના તેમજ શેરડી કાપણી–ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળ**

નીચેનો કાગળ તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યો.

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડિંગ ઓફ ઇલેક્ટ્રિકલ પાવર એન્ડ કો–ઓર્ડિનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૧૪–૩–૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક–ઘઇ/૨૦૨૩–૧૫/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦,અનુસૂચિત આદિજાતિ કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૩ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૬ માનનીય શિક્ષણ મંત્રી તથા આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨ ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮, માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦, ૨૧, ૨૪ અને ૨૫ તથા માગણી ક્રમાંક–૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ અને ૨૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.તુષાર ચૌધરી
(૨) શ્રી રમણલાલ વોરા
(૩) શ્રી નરેશભાઇ પટેલ
(૪) શ્રી રમણભાઇ પાટકર
(૫) ડો. મહેન્દ્રભાઇ પાડલિયા
(૬) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૭) શ્રી માનસિંહ ચૌહાણ
(૮) શ્રી અભેસિંહ તડવી
(૯) શ્રી મોહનભાઇ કોંકણી

વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧૦) ડો. કિરીટકુમાર ચી. પટેલ | (૧૫) શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| (૧૧) શ્રી મહેશભાઇ ભુરીયા | (૧૬) શ્રી જયંતિભાઇ રાઠવા |
| (૧૨) શ્રી રમેશભાઇ કટારા | (૧૭) ડો. દર્શના દેશમુખ |
| (૧૩) શ્રી અમુલ ભટ્ટ | (૧૮) શ્રી માવજીભાઇ દેસાઇ |
| (૧૪) શ્રી કનૈયાલાલ કિશોરી | (૧૯) શ્રી ઉમેશભાઇ મકવાણા |

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના પ્રભારી મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

૫. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૪–૫૯)

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ડો. કુબેરભાઇ ડીંડોરએ પોતાનું અધૂરું વકતવ્ય પૂર્ણ કર્યુ.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯, ૧૦, ૯૩ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સભાગૃહ, મંગળવાર તા. ૨૧મી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે
ફરી મળવા માટે સાંજના ૫–૦૭ વાગ્યે મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૦મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.